# જ્ઞાન સ્વભાવે - સર્વ સારાંશ

રમેશ વેજાણી

બાળજીવો અનંત ભવ-ભ્રમણમાં ફરતાં-ફરતાં જ્યારે જ્યારે માનવભવ પામે છે, ત્યારે-ત્યારે પોતાની સમજણ-અંતર અવસ્થા પ્રમાણે વર્તમાન ભવમાં - વર્તમાનનાં સુખો મેળવવાં-અથવાં ભાવિ ભવોમાં સુખો મેળવવાં - અથવાં ભાવિ ભવોની દુર્ગતિ ટાળવાં

**પડી - પડી પ્રણમું પાદુકાને,**
**પામું પવિત્રતાંની પાવનતાં,**
**પામું પરમેશવરનો એ પ્રેમ,**
**પામે પ્રભુજીનો એજ પ્યારો.**

- અથવાં ભાવિ ભવોમાં સદ્‌ગતિ પ્રાપ્ત કરવાં- અથવાં મોક્ષ પ્રાપ્તી કરવાં - ભવ-મુક્તિ મેળવવાં - સર્વ-સમય માટેનું આત્યાંતિક સુખ પામવા માટેનો પુરુષાર્થ કરે છે. અને એ પુરુષાર્થ સ્વરૂપે જે કુળમાં જન્મ મળ્યો હોય - જે ધર્મ સંપ્રદાયમાં માનવભવ મળ્યો હોય "ત્યારે" તે સંપ્રદાયનાં પરંપરાગત - કુળ પરંપરાનો ધર્મ-સાધનાં-આરાધનાં કરે છે, અને ધર્મ કર્યાનો સંતોષ-સમજણે સંતોષ પામે છે.

"અને એજ"

અનંતા ભવ-ભ્રમણનું કારણ અને સાધન બને છે.

"અને જો"

પોતાનાં સંપ્રદાયનાં શ્રી ઈષ્ટદેવે રચાવેલાં શ્રી શાસ્ત્રોનો જ્ઞાનધર્મ જાણીને - સમજીને - માનીને - લક્ષમાં રાખીને પોતાનાં ધર્મ સંપ્રદાયનાં પરંપરાગત વ્રતો-તપો-ત્યાગ-દાન-ધ્યાન-જપ આદિ પ્રકારે ધર્મની સાધનાં-આરાધનાં બાળજીવ કરે તો તેમને ભવ-ભ્રમણમાંથી છુટવાનું સાધન બને અને ભવ-મુક્તિ મેળવવાંનું કારણ બને - કારણ પ્રાપ્ત થાય.

"માટે"

જે બાળજીવો મુક્તિની ઝુરણાંવાળાં હોય - મુક્તિની ઈચ્છા, સમજણ રાખવાવાળા હોય - મુક્તિને મુખ્યતાં માનવાંવાળા હોય - તે સર્વ બાળજીવોએ પ્રથમ **મુક્તિનાં માર્ગનો જ્ઞાનધર્મ - મુક્તિનો માર્ગ જાણવો માત્ર આવશ્યકજ નહીં "પણ" અતિ-અતિ અનિવાર્ય છે;** અને પછી જ તેમની ધર્મ આરાધનાં મુક્તિદાતા-મુક્તિનું સાધન બને છે.

"અનંત ભવ-ભ્રમણમાં જાણ્યાં વગરનો - માન્યાં વગરનો કરેલો ધર્મ અનંત ભવ-ભ્રમણનું કારણ બને છે.

"અને"

એક ભવમાં જાણીને-માનીને-અનુભવીને કરેલો ધર્મ અનંત ભવ-ભ્રમણમાંથી ભવ-મુક્તિ પામવાનું સાધન બને છે.

"માટે"

**"જૈનો જાગો"** લેખમાળાનાં ૧ થી ૫૮ લેખાંકોમાં અને **"જ્ઞાન-સ્વભાવ"** લેખમાળાનાં ૧ થી ૫૮ સત્યાંશોમાં મુક્તિનાં માર્ગની - મોક્ષ પ્રાપ્તીની મુખ્ય - મુખ્ય સમજણ - લક્ષણોનો જ્ઞાન પ્રકાશ કરેલ છે.

"જેમ કે"

૧) બે પ્રકારનાં બોધ :- ભવ-ભ્રમણનો બોધ - ભવ-મુક્તિનો બોધ.
૨) બે પ્રકારનો ધર્મ :- પુન્યધર્મ અને મોક્ષધર્મ.
૩) બે પ્રકારની ભક્તિ :- સ-કામભક્તિ અને નિષ્કામ ભક્તિ.
૪) બે પ્રકારનું માનવ લક્ષ :- પુન્યલક્ષ અને આત્મલક્ષ.
૫) બે પ્રકારનાં ધર્માચાર્યો :- પુન્યબોધી અને આત્મબોધી.
૬) બે પ્રકારનો ધર્મીઓ :- કહેવાતાં ધર્મી અને આત્મધર્મી.
૭) બે પ્રકારનાં ગુરૂઓ :- કુ-ગુરૂઓ અને સુ-ગુરૂઓ
૮) બે પ્રકારનાં આરાધકો :- ગુરૂ વગરનાં અને ગુરૂવાળા આરાધકો.

"તેમજ"

ભવ-ભ્રમણનાં કારણો - આત્મધર્મ ન મળવાનાં કારણો - મોક્ષમાર્ગમાં અર્થની કે તંત્રો મંત્રોનું ક્યાંય સ્થાન નથી અને અર્થનાં અને તંત્રો-મંત્રોનાં ફળ પરિણામો - ધર્માચાર્યોએ એક માત્ર આત્મબોધ આપવો અનિવાર્ય - આદિ અનેક પ્રકારની - અનેક પ્રકારથી વિચારણાંઓ કરી.

"તેમજ"

મુક્તિનાં માર્ગમાં પાંચ પદોની અનિવાર્યતાનું કારણ અને પાંચ પદોની શાશ્વતાં શા માટે? મુક્તિનાં માર્ગમાં માતા-પિતાની ભક્તિનું ફળ - મુક્તિનાં માર્ગમાં ભવ મર્યાદિત સમ્યગ-દર્શનનાં ગુણ-લક્ષણો-સ્વભાવોનું વર્ણન. તેમજ આત્માનુંભવી સદ્‌ગુરૂ-સંતનાં ગુણ-લક્ષણ-સ્વભાવ-ફળ પરિણામીનું સ્વરૂપ વર્ણન અને એક અવતારી - જ્ઞાન સ્વભાવી સદ્‌ગુરૂ-સંતનાં ગુણ-લક્ષણો-સ્વભાવ કાર્ય આદિની મુખ્ય-મુખ્ય સ્વરૂપે વિચારણાંઓ કરેલી છે.

"કે જે"

મુંબઈ-મુલુંડમાંથી દર બુધવારે પ્રકાશીત થતાં મુલુંડ ટાઈમ્સનાં "ગુર્જરમાતમાં" નિયમિત-અખંડપણે-"ઈશ્વર ઈચ્છાએ - ઈશ્વર કૃપાએ - નિષ્કામ ભાવે" જ્ઞાનમાળાઓ **"જૈનો જાગો"** અને **"જ્ઞાન-સ્વભાવ"** પ્રકાશીત પ્રભાવિત કરેલ હતી.

"અને તેનો"

આત્માર્થીજનોએ - ભવ-મુક્તિની ઝુરણાંવાળાં ભવ્યજનોએ - જ્ઞાન પિપાસું - જ્ઞાન આત્મીજનોએ - અતિ-અતિ ઉત્કંઠતાંથી - પરિપૂર્ણ સહયોગ આપનાર - આત્માર્થીજનો

"સહિત"

ધર્મ સ્થાનકો પાસે મુકાવવામાં સાથ-સહયોગ આપનાર શુધ્ધાત્મા સ્વરૂપી શ્રેષ્ઠ-શ્રેષ્ઠીઓ-ટ્રસ્ટીઓ તેમજ કાર્ય-ભક્તિ કરનારા નામી-અનામી ભવ્યજનો

"સહિત"

ગુર્જરમાતનાં - સર્વોપરી - સર્વાધિકારી - અધિકારીઓ તેમજ ગુર્જરમાત સંસ્થાનાં જાણીતાં-અજાણ્યાં કાર્ય કરનારા - કાર્ય કરાવનારા - કાર્ય કરવામાં સહયોગ આપનારા સર્વ આત્માર્થી - આત્મચિંતક - આપ્તજનોને અતિ-અતિ પરમ ઉપકારે સહર્ષ સ્વિકારીને ઉપકારી વંદનાં એ વંદનિયતાં.

**સદ્‌ગુરૂ સંગતે - સંતની રંગતે**
**થાય સદ્‌ગુરૂ - સંત લગન,**
**લાગે લગની લાગ-લાગટ,**
**પામે ભવસંત લગ-લગાટ.**

**જ્ઞાનમાર્ગથી જાણ્યું જ્ઞાન,**
**ભક્તિમાર્ગનાં ભાવ્યાં ભાવ,**
**યોગ આચારને અનુભવ્યો,**
**અનુસર્યા ભવ-મુક્તિને.**

## "જ્ઞાન વંદના એ" "જ્ઞાન પરિણામે"

### 卐 જ્ઞાન એજ જ્ઞાન છે 卐

જ્ઞાન એજ ધર્મ છે - જ્ઞાન એજ ભક્તિ છે - જ્ઞાન એજ સાધનાં છે - જ્ઞાન એજ આરાધનાં છે - જ્ઞાન એજ વ્રત છે - જ્ઞાન એજ તપ છે - જ્ઞાન એજ જપ છે - જ્ઞાન એજ ત્યાગ છે - જ્ઞાન એજ દાન છે - જ્ઞાન એજ ધ્યાન છે - જ્ઞાન એજ યોગ છે - જ્ઞાન એજ ક્રિયા છે - જ્ઞાન એજ અનુષ્ઠાન છે. જ્ઞાન એજ શ્રી ઈષ્ટદેવ છે - શ્રી ઈષ્ટદેવ એજ જ્ઞાન છે. જ્ઞાન એજ શ્રી શાસ્ત્રો છે - શ્રી શાસ્ત્રો એજ જ્ઞાન છે. જ્ઞાન એજ ગણધર પરમાત્મા છે - ગણધર પરમાત્મા એજ જ્ઞાન છે. જ્ઞાન એજ જ્ઞાન અનુભવ છે - જ્ઞાન અનુભવ એજ જ્ઞાન સ્વભાવ છે. જ્ઞાન એજ આત્મ સાક્ષાત્કાર છે - આત્મદર્શન એજ જ્ઞાન દર્શન છે. જ્ઞાન એજ આત્મા છે અને જ્ઞાનનો ચૈતન્યપિંડ એજ આત્મા છે. જ્ઞાનમાં સકલ જગત દર્શન રહેલું છે. "અને" સકલ જગત દર્શનમાં જ્ઞાન રહેલું છે. જ્ઞાન - એજ જ્ઞાન છે. જ્ઞાન "એજ" બાળજીવનાં ભવ-ભ્રમણ ટાળનાર છે. જ્ઞાન "એજ" બાળજીવોનાં સર્વ પ્રકારનાં દુ:ખો હરનાર છે. જ્ઞાન "એજ" બાળજીવોને સર્વ પ્રકારનાં સુખો આપનાર છે.

"માટે"

જ્ઞાનનો આદર કરનાર જીવનમાં આધાર પામે છે - જ્ઞાનનો અહોભાવ કરનાર ભ્રમણનાં ભાવ પાછા વાળે છે - જ્ઞાનનો મનોભાવ કરનાર મનનાં રોગો ટાળે છે - જ્ઞાનની વંદનાં કરનાર જગતની વંદનિયતાં પામે છે - જ્ઞાનનો આગ્રહ કરનાર જીવનમાંથી દુરાગ્રહ ટાળે છે - જ્ઞાનની આતાપનાં લેનાર ભ્રમણની સંતાપનાં ટાળે છે - જ્ઞાનની અમુલ્યતાં જાણનાર જીવનની બહુમુલ્યતાં પામે છે.

"અને જેઓ"

જ્ઞાન-જ્ઞાનીની આધારશિલા બને છે - જ્ઞાનનાં આધાર સ્થંભ બને છે. - જ્ઞાન પ્રકાશીત કરવામાં - જ્ઞાન પ્રભાવિત કરવામાં - જ્ઞાન પ્રચારીત કરવામાં - જ્ઞાન પ્રવાહીત કરવામાં - જ્ઞાન પ્રમાણીત કરવામાં - જ્ઞાન પ્રકાશ ફેલાવવામાં - જીવ-જગત કલ્યાણ કરવામાં જેઓ સદા-સર્વદા-તત્‌ક્ષણે તત્પર રહે છે - વર્તે છે અને જીવન સમર્પિત કરે છે.

"એવાં"

જાગૃત - આત્માર્થી - જીવજનોએ જ્ઞાન જાણવું નથી પડતું - જ્ઞાન માનવું નથી પડતું - જ્ઞાન શ્રધ્ધવું નથી પડતું - જ્ઞાન આરાધવું નથી પડતું "પણ"
જ્ઞાન અનુભવે - અનુભવનાં ઉપયોગથી - જ્ઞાન ધારણ કરે છે. "અને"
જ્ઞાન-ધારણે - જગત આધારની આવશ્યકતાં રહેતી નથી. "એજ"
જ્ઞાનની સર્વશ્રેષ્ઠતાં છે. "અને" સર્વોત્તમ ફળની પ્રાપ્તી છે. "માટે"
જ્ઞાન આધારિત - જ્ઞાન અનુભવિત - જ્ઞાન ઉપયોગિત "એવાં"

સતનાં સંગી - સત્‌નાં રંગે રંગાયેલા - સતનાં સહાધ્યાયી સતનાં સહયોગી - સતનાં યોગી - સતનાં ઉપયોગી - સતસંગીનાં સાથ-સહયોગથી **"જૈનો જાગો" અને "જ્ઞાન-સ્વભાવ"** જ્ઞાનમાળાને પ્રકાશીત-પ્રભાવિત કરવામાં લગભગ ૩૦ માસથી (લગભગ ૧૨૦ લેખાંકોમાં) દરેક લેખાંકને પ્રકાશીત કરવામાં આપેલો તન-મન અને ધનનાં પૂર્ણ-સંપૂર્ણ-સાથ-સહકારનાં સમન્વયનો નિષ્કામ-ભક્તિ-ભાવનાં ઉપયોગથી જ્ઞાન-માળા લખનાર (રમેશ વેજાણી) ઉપર અતિ-અતિ ઉતારી ન શકાય એવો પરમ પરમ ઉપકાર કર્યો છે.

"એવો"

મહાન ઉપકાર કરનારા ભવ્યજીવો કે જેમણે જ્ઞાનમાળા લખવામાં નિમિત્ત કારણ આપ્યું અને પ્રથમ લેખાંકથી વર્તમાનનાં અંતિમ વિશેષાંક સુધીમાં જે-જે ભવ્યાત્માઓએ તન-મન-ધનથી અને મન-વચન-કર્મકાર્યોથી જ્ઞાન ભક્તિની ઉપાસનાં કરનાર સર્વ સત્સંગીઓ - સતની સાથે રહેનાર અને સતથી દુર (અંતર અવસ્થાએ) રહેનાર સર્વ જીવાત્માઓ - સર્વ ભવ્યાત્માઓ અને સત્‌ની સાધનાં-ઉપાસનાં કરનાર જગતનાં સર્વે જીવ માત્ર ઉપર જગતનાં સત્-પુરુષોનું - જગતગુરૂનું યોગબળ ફળે અને વર્તે એવી અતિ-અતિ વિનમ્રતાંએ - દિનતાંએ - નિષ્કામભાવની - વંદનિયતાંએ વંદનાં.

"જગત - સત્-પુરુષોનાં યોગબળે રહેલું છે અને વહે છે "અને" શુધ્ધત્વને ધારણ કરે છે અને શુધ્ધત્વને પામે છે."

**"જૈનો જાગો"** લેખમાળાનાં ૧ થી ૫૮ લેખાંકો અને **"જ્ઞાન-સ્વભાવ"** લેખમાળાનાં ૧ થી ૫૮ સત્યાંશોની આત્માર્થી જીવાત્માઓની વ્યાજબી માગણીઓ સંતોષી શકતાં નથી "પણ" તેઓ ઈન્ટરનેટ - વેબસાઈટ **www.jainojago.com**માંથી મુળ શબ્દ સ્વરૂપે ગુજરાતીમાં પ્રાપ્ત કરી શકે છે.

"અને"

આત્મઅભિલાષી - આત્મ પ્રભાવિત - આત્મ પ્રકાશીત યોગ્ય શ્રેષ્ઠીઓ - ટ્રસ્ટીઓ અને પૂર્ણ અધિકારીઓને આવશ્યકતાં અનુસારે **"જૈનો જાગો"** અને **"જ્ઞાન-સ્વભાવ"**નાં લેખાંકો ૧ થી ૫૮ની ફાઈલ કોપીઓ પહોંચાડવાનો પ્રયાસ જાળવી રાખેલ છે.

"માટે"


**જ્ઞાન ઝુરણાં - જ્ઞાન પિપાસું યોગ્ય જીવાત્માઓ સંપર્ક સાધે :-**

★ **જીતુભાઈ શાહ** : ૯, કાઝી સૈયદ સ્ટ્રીટ, બીજે માળે, રૂમ નં. ૮, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન : ૩૭૯ ૧૭૬૧

★ **કીર્તિભાઈ શાહ** : **શાહ બેરિંગ એન્ડ મિલ સ્ટોર્સ** : ૧૦૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, શોપ નં. ૭, ગ્રાઉન્ડ ફ્લોર, મુંબઈ - ૪૦૦ ૦૦૩. ફોન : ૩૪૪ ૮૩૭૦

★ **કૌશિક ભાયાણી** : ૩૬, શાંતિ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, એસ. એન. રોડ, તાંબેનગર, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. ફોન : ૫૬૦ ૬૭૦૪, ૫૬૪ ૬૧૧૬



# જ્ઞાન સ્વભાવે - સર્વ સારાંશ



રમેશ વૈજાણી

આવતાં અંક(બુધવાર)થી નવી જ્ઞાનમાળાની લેખ શ્રેણી **“સ્વરૂપ સ્વભાવે - મુક્તિ પ્રભાવે”** પ્રકાશીત થઈ રહી છે. “કે”

**ભાંગે ભવ-ભ્રમણનો ભાર,**
**આપે ભવ-મુક્તિમાં સાથ,**
**સુખ-સહાયે-અનુભવ પ્રયાસે,**
**કરે સમ્યક ભાવ-સ્વભાવ.**

જેમાં મુખ્ય આશયે કોઈપણ ધર્મ સંપ્રદાયમાં રહેલાં બાળજીવો પોતાનાં જ ધર્મ સંપ્રદાયમાં રહીને - પોતે શ્રધ્ધતાં પોતાનાં જ શ્રી ઈષ્ટદેવમાં શ્રધ્ધા રાખીને - પોતાનાં સંપ્રદાયનાં જ પરંપરાગત વ્રતો - તપો - ત્યાગ - દાન - ધ્યાન - જપો આદિ કરીને પોતે જેમને સુગુરૂ-સદ્‌ગુરૂ તરીકે પૂજતાં કે ભજતાં હોય તેમની સેવા ભક્તિમાં રહીને “અને” બાળજીવો ગમે તે અવસ્થામાં હોય તે અવસ્થામાં રહીને જેમ કે બાળવય કે વયસ્ક - સંસારી અવસ્થા કે સાધુ અવસ્થા -

## “જ્ઞાન વંદના,એ” “જ્ઞાન પરિણામે”

સ્ત્રી ભેદે કે પુરૂષ ભેદે - અર્થથી સબળાં કે નબળાંનાં ભેદ-ભાવ રહિત વર્તમાન માનવભવમાં જીવ કલ્યાણ સહિત જીવન કલ્યાણ કરીને માનવભવનું સર્વશ્રેષ્ઠ ફળ પ્રાપ્ત કરી શકાય એવી ભાવ સમજણે નવી - લેખમાળા ઈશ્વરઈચ્છાએ - પ્રભુકૃપા સમજીને લખવાનો અને પ્રકાશીત કરવાં માટેનો નિષ્કામ ભાવે - અલ્પ પ્રયાસની ભાવ સમજણ રાખેલી છે.

**નવધા ભક્તિનાં ભાવ ભરે,**
**જાણે મુક્તિ પ્રભાવનું જ્ઞાન,**
**પામે યોગ આચારનાં અંગ,**
**અનુભવે એ સુખ સ્વભાવ.**

“જેમાં” “મુખ્યત્વે”

૧. મુક્તિનો માર્ગ - મોક્ષ પ્રાપ્તીનો માર્ગ શું છે ?
૨. મુક્તિનો માર્ગ શા માટે મળવો અતિ મુશ્કેલ છે ?
૩. મુક્તિનો માર્ગ મળે તો માનવાનું શા માટે ગમતું નથી ?
૪. મુક્તિનાં માર્ગ અનુસારનો સ્વભાવ શા માટે બનતો નથી?
૫. મુક્તિનાં માર્ગમાં સહયોગ શા માટે મળતો નથી ?
૬. અનંત ભવ-ભ્રમણ ફરવાનું કારણ શું ?
૭. અનંતા-અનંત દુઃખો આવવાનું કારણ શું ?
૮. અનંતા-અનંત નવા કર્મો બાંધવાનું કારણ શું ?
૯. અનંત પ્રકૃતિ દોષો પ્રગટવાનું કારણ શું ?
૧૦. અનંતી વખત દુર્ગતિમાં જવાનું - ફરવાનું કારણ શું ?
૧૧. રાગ-દ્વેષ સહિતનો સ્વભાવ બનવાનું કારણ શું ?
૧૨. દ્વેષ-દુર્ભાવ-ઈર્ષા-પરનિંદાની વિકૃતિ બનવાનું કારણ શું?
૧૩. શુભ ચિંતકની બદલે અશુભચિંતક બનવાનું કારણ શું?
૧૪. સહાયકબનવાની “બદલે” સહાયતાં લેવાની વૃતિનું કારણ શું?
૧૫. અન્યને ઉપયોગી બનવાની “બદલે” ઉપદ્રવી બનાવનું કારણ શું?
૧૬. લોભ વધવાનું કારણ શું ?
૧૭. ક્રોધ આવવાનું કારણ શું ?
૧૮. મોહ ઉપજવાનું પ્રયોજન કારણ શું ?
૧૯. માયા પ્રત્યે મુર્છિત થવા માટેનું કારણ શું ?

**પ્રાણ પ્યારાને પરમેશવરે,**
**પ્રભુની પ્રિતિ પ્રાણેશવરે,**
**પ્રેમ પુજારીને પજવે પ્રિત,**
**પ્રાણો-પ્રાણથી પ્રેમ પુકારે.**

૨૦. માન મેળવવાની અતિશય મનોવૃતિનું કારણ શું ?
૨૧. શ્રી ઈષ્ટદેવમાં અખંડ પ્રેમ ન જાગવાનું કારણ શું ?
૨૨. શ્રી સદ્‌ગુરૂને ન ઓળખવાનું કારણ શું ?
૨૩. શ્રી શાસ્ત્રોજ્ઞાન ન જાણવાની મુઢતાંનું કારણ શું ?
૨૪. જીવનમાં એકજ શ્રી ગુરૂ કે સુગુરૂનું સ્થાપન ન કરવાનું કારણ શું?
૨૫. માતા-પિતાની ભક્તિમાં ઉદાસીનતાં આવવાનું કારણ શું?
૨૬. અનેક ઈચ્છાઓ જાગવાનું કારણ શું ?
૨૭. અનેક વિચારો આવવાનું કારણ શું ?
૨૮. અનેક સંકલ્પ - વિકલ્પો કરવાનું કારણ શું ?
૨૯. વિપર્યાસ બુધ્ધી બનવાનું કારણ શું ?
૩૦. અજ્ઞાન સ્વભાવમાં રહેવાનું કારણ શું ?
૩૧. આત્મલક્ષીની બદલે દેહલક્ષી બનવાનું કારણ શું ?
૩૨. દુઃખનો અભાવ અને સુખ મેળવવાનાં સ્વભાવનું કારણ શું ?
૩૩. નામનું અતિશય બળવાન બનવાનું કારણ શું ?
૩૪. દુઃખોની ઉપાધીમાં જીવી જવાનું કારણ શું ?
૩૫. દુર્ગતિનાં ફળે “પણ” પાપો કરવાનું કારણ શું ?
૩૬. ધર્મભાવમાં અધર્મ સ્વભાવે રહેવાનું કારણ શું ?
૩૭. આત્મભાવમાં ધર્મભાવ માગવાનું કારણ શું ?
૩૮. પુન્યબોધ માગવાનો અને આપવાનું કારણ શું ?
૩૯. પુન્ય બાંધવાની અતિશય લેશ્યાવૃતિનું કારણ શું ?
૪૦. જાણીને - શ્રધ્ધીને બાંધેલાં પુન્યફળ પરિણામનું કારણ શું?
૪૧. ધર્મ ભયભાવથી પ્રેરાયને કરવાનું કારણ શું ?

**અનેકમાંથી આવ્યાં એકમાં,**
**અનંતમાંથી આવ્યાં અલ્પમાં,**
**મતાંતરમાંથી આવ્યાં માર્ગમાં,**
**અમર્યાદિત જગતમાં બાંધી ભવમર્યાદા.**

૪૨. ધર્મ લોકાર્થે - લોક અભિપ્રાયે કરવાનું કારણ શું ?
૪૩. અજ્ઞાન ધર્મને - મોક્ષધર્મ માનવાનું - મનાવવાનું કારણ શું ?
૪૪. ધર્મનો અનુભવ ન થવાનું કારણ શું ?
૪૫. ધર્મ ધારણ ન થવાનું - ધર્મ સ્વભાવ ન બનવાનું કારણ શું ?

### ★ “જ્ઞાન એજ જ્ઞાન” ★

**જ્ઞાન એજ સર્વાત્મા છે.**
**“અને”**
**શુધ્ધાત્મા એજ જ્ઞાન છે.**

**જ્ઞાન એજ સર્વ-સમયનો સંગાથી છે.**
**“અને”**
**સર્વ અવસ્થામાં સમ રાખે એજ જ્ઞાન છે.**

**જ્ઞાન એજ આત્માનો ઉપયોગ છે.**
**“અને”**
**સર્વ સમયે એમાં જે રહે એજ જ્ઞાની છે.**

**જ્ઞાન એજ જીવની સુખ અવસ્થા છે.**
**“અને”**
**સહેજે એ અવસ્થાએ જે રહે એજ સુખસ્વભાવ છે.**

**જ્ઞાન એજ જન્મ છે - જ્ઞાન એજ જીવન છે - જ્ઞાન એજ મરણ છે. “અને”**
**મહાનિર્વાણ એ જ્ઞાન છે અને**
**મહાનિર્માણ (મોક્ષ) “એ પણ” જ્ઞાન જ છે.**
**“જ્ઞાન-જ્ઞાનમાં રહેલું જ્ઞાન છે”.**

આદિ અનેક પ્રકારની - અનેક પ્રકારથી આધ્યાત્મિક માર્ગની - ભવ-મુક્તિની - મોક્ષ પ્રાપ્તીની મુખ્ય-મુખ્ય પ્રમુખતાંએ પ્રમુખ ગુણ-લક્ષણોની વિચારણાં વિચારવાંની ભાવ-સમજણ રાખેલ છે. “તેવી જ રીતે”

**ભવ-ભ્રમણને વ્રહનું ભેદ,**
**કરે જ્ઞાનથી ભેદા-ભેદ,**
**ભેદે જગતનાં ભેદ-ભાવને,**
**ભાવ ભુલે - ભવ-ભ્રમણનાં ભાવ.**

વર્તમાન જીવનને આનંદીત - પ્રસન્નીત - પ્રફુલ્લીત જીવન બનાવવાનાં સરળ ઉપાયો સ્વરૂપે “જેવાં કે”

૧) વિચારોમાં નિર્મળતાં સહિત સ્થિરતાં,
૨) ઈચ્છાઓમાં પૂર્ણતાં સહિતનું સંતોષીપણું,
૩) વાણીની મધુરતાં સહિતની પાવનતાં,
૪) સંકલ્પ - વિકલ્પ રહિતની શાંતતાં,
૫) સમભાવ - સદ્‌ભાવથી ભરેલું જીવન,

આદિ અનેક પ્રકારનાં વૈચારિક દુઃખોરહિતે અને આરોગ્યની પ્રાપ્તીનાં ઉપાયો સ્વરૂપે રોગોને દુર કરવાં માટેનાં ઉપાયો “જેવાં કે”

**ખાનદાનની ખબર ખરી,**
**“ખાણ” ખરીને “ખાન” ભલી,**
**માનવ મનમાં મલકાયો,**
**પ્રેમનાં સાગરે છલકાયો.**

૧) માથાનો સતત રહેતો દુઃખાવો, હાથ-પગ-કે કમ્મર-વાસાનો સતત દુખાવો.
૨) પિત્ત-એસીડીટી કે છાતીમાં બળતરાનો દુખાવો.
૩) પેટનાં જુલાબ કે કબજીયાતની બિમારી.
૪) લોહી પાતળું કે ઘટનાં ઉપાયો.
૫) સતત હેડકી કે ઉબકા આવતાં હોય તેનાં ઉપાયો.
૬) ડાયાબીટીઝ સતત વધતું હોય તેનાં ઉપાયો.
૭) આંખોમાંથી સતત પાણી પડતું હોય તેનાં ઉપાયો.

**સંત સભાએ - સંત પ્રભાવે,**
**કરાવે સ્વરૂપનો સંગ-સ્વભાવ,**
**ધરાવે દ્રષ્ટિમાં દિવ્ય દ્રષ્ટિને,**
**પુરાવે પ્રકૃતિનાં ભેદને-છેદવાં.**

૮) આંખો સતત લાલ રહેતી હોય તેનાં ઉપાયો.
૯) આંખોની ખરાબી અથવાં ચશ્માનાં નંબરો વધતાં હોય તો તેને રોકવાનાં અને નંબરો ઉતારવાનાં ઉપાયો.
૧૦) ઉંઘ ન આવતી હોય અથવાં ઓછી આવતી હોય તેનાં ઉપાયો.
૧૧) શરીરમાં નબળાઈ કે બેચેની રહેતી હોય તેનાં ઉપાયો.
૧૨) ઉંઘમાં અતિ દુઃસ્વપ્નાં આવતાં હોય તેનાં ઉપાયો.
૧૩) માનસિક તાણ કે ફીટ આવતી હોય તેનાં ઉપાયો.
૧૪) ખાસ કરીને ચૌદસ-અમાસનાં દિવસોમાં વિચારભ્રમ કે ચિત્તભ્રમ થતું હોય તેનાં ઉપાયો.
૧૫) બાળકોને અભ્યાસમાં સ્મરણ શક્તિ મંદ રહેતી હોય કે અલ્પ સ્મરણ રહેતું હોય તેનાં ઉપાયો.

આદિ આરોગ્યને લગતાં રોગ નિવારણનાં સરળ - સહજ ઉપાયોની યથા-યોગ્યતાંનાં યોગ અવસરે વિચારણાં વિચારશું. “અને”

**દેહાતિતે - જ્ઞાનુભવે,**
**દેહે દીજે - જ્ઞાનદાન,**
**જ્ઞાન-દાનની વ્યાપકતાંએ,**
**સ્થાપે મોક્ષને મોક્ષ પ્રભાવ.**

**સરળતાંથી અર્થ પ્રાપ્તીનાં ભાગ્યઉદય કરવાની સરળ-સમજણ સહિતનાં સરળ ઉપાયોથી આવશ્યક એવાં અર્થની સહજતાં એ પ્રાપ્તી પામે. “આત્મલક્ષી બનવાં માટે અર્થ અને આરોગ્યની અનુકૂળતાંએ સર્વશ્રેષ્ઠ સંજોગની અવસ્થા બને.”**

**અને એ પ્રાપ્ત કરવા માટે શ્રી ઈષ્ટદેવની ભક્તિ - સદ્‌ગુરૂમાં શ્રધ્ધા કે માતા-પિતાની પરમ ઉત્સાહીતે ભક્તિ સાધનાંથી બાળજીવ સરળતાંથી પરિણામોની પ્રાપ્તી કરી શકે છે. અને નિમિત્ત કારણ સ્વરૂપે નિર્દોષ આહારિક પદાર્થોનો ઉપયોગ કરવાનો હોય છે. જેની સમયે-સમયે લેખાંકોમાં યોગ અવસરે વિચારણાં વિચારશું.**

**જ્ઞાનમાળા લખવાં માટેનો અતિ-અતિ ભવિત-ભવ્યતાંનાં મહાભાગ્યનાં બળવાન જ્ઞાનઉદયનાં યોગે જ્ઞાન અવસર પ્રાપ્ત થાય છે. કે જેમાં ત્રીયોગનાં - ત્રિયોગગુણાંનો - ગુણાંનુંયોગ રહેલ છે. “જેમ કે” ઈશ્વર ઈચ્છા - ઈશ્વર કૃપા અને ઈશ્વર્યની પ્રાપ્તીનો ત્રિગુણાત્મક ભાવ - પ્રભાવનો સંકેત રહેલો છે.**

**“કે જેનાં ફળ સ્વરૂપે”**
**જૈનો જાગો - જ્ઞાન-સ્વભાવ અને હવે સ્વરૂપ સ્વભાવે - મુક્તિ પ્રભાવે જ્ઞાનમાળા નિર્મિતપણે - નિર્માણ પામી રહી છે.**
**“કે”**
**જે શ્રી ઈષ્ટદેવનું કૃપાફળ અને**
**કૃપાદ્રષ્ટિનું પરિણામ**
**“અને” પરિણામ સ્વરૂપે**
**શ્રી ઈષ્ટદેવનાં શાસનને શ્રી ઈષ્ટદેવનાં શ્રી ચરણોમાં અતિ-અતિ દિનતાંએ - અત્યંત્ય વિનમ્રતાંએ - નિષ્કામ ભાવે - વિસ્મરણનાં સ્વભાવે શ્રી ચરણોમાં સમર્પિતતાંએ કોટી-કોટી ત્રિકાળ વંદિતાંએ વંદનિયતાં.**
**આનંદ - આનંદ - આનંદ**